### પૂર્વ ધારાસભ્યનું સમય આવે નિર્ણય લેવાનું સૂચક નિવેદન

# બાયડ વિધાનસભામાં ટીકીટ કપાતાં ધવલસિંહ ઝાલાના ટેકેદારોનો કાર્યાલય ઉપર જમાવડો

### અપક્ષમાં ઝંપલાવે તેવી સંભાવના વધી




બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૨

બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપે મહિલાને મેદાનમાં ઉતાર્યા પછી ટીકીટ કપાતાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાના ટેકેદારીમાં ગત રોજથી દેખાયેલી નારાજગી હવે વધી રહી છે. શુક્રવારે બપોરે ધવલસિંહ ઝાલાના બાયડ સ્થિત કાર્યાલયમાં હજારોની સંખ્યામાં કાર્યકરો ઉમટ્યા હતા અને તુમ આગે બઢો હમ તુમહારે સાથ હૈ. ના નારા લગાવાતાં ભાજપ છાવણીમાં હલચલ મચી છે. પૂર્વ ધારાસભ્યએ સમય આવે નિર્ણય લેવાનું સૂચક નિવેદન કરી ગુગલી ફંકી છે. જ્યારે કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારનો વિરોધ કરવા એકત્ર થયા ન હોવાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૧૯માં કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પેટાચૂંટણીમાં પરાજ્ય થયા પછી વર્ષ-૨૦૦૨ની ચૂંટણીમાં ભાજપ પોતાને જ ટીકીટ આપી મેદાનમાં ઉતારશે તે ગણતરીએ છેલ્લા અઢી વર્ષથી મત વિસ્તારમાં જીવંત લોકસંપર્કની સાથે ઠેર ઠેર તહેવારો દરમ્યાન જિલ્લા સંગઠન પ્રમુખ સાથેના હોડીંગ્સ ચર્ચાનો વિષય બન્યા હતા પરંતુ ગત રોજ ભાજપે અરવલ્લી જિલ્લાની ૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરતાં પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને મેદાનમાં ઉતારતાં ધવલસિંહ ઝાલાની છાવણીમાં નારાજગી ફરી વળી હતી. તા.૧૧ના રોજ બાયડ સ્થિત કાર્યાલયમાં બાયડ-માલપુર વિધાનસભાના તેમના હજારો સમર્થકો ઉમટ્યા હતા અને ચૂંટણી લડવા માટે આગ્રહ રાખ્યાનું જાણવા મળ્યું છે. જો કે ધવલસિંહ ઝાલાએ અત્યારે જો અને તો..ના ગણિત સાથે ડગ આગળ માંડી રહ્યા છે પરંતુ તેમને કરેલા નિવેદનથી કોઈ અન્ય રાજકીય પક્ષ કે પછી અપક્ષ તરીકે મેદાનમાં ઉતરે તેવી ચર્ચાઓએ જોર પકડયું છે. ધવલસિંહ ઝાલા અપક્ષ તરીકે ઝંપલાવશે તો બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ચતુષ્કોણીય જંગ જામવાની સંભાવના વધી ગઈ છે.

### મોડાસા વિધાનસભા બેઠકમાં ભાજપના ઉમેદવારને પછાડવા અસંતુષ્ટ જૂથ મેદાનમાં

# પોતાને ટીકીટ ન મળતાં સંગઠનનો હોદ્દેદાર ધૂંઆપૂંઆ, ધનસુરા તાલુકા પંચાયતના અપક્ષ સભ્યએ મેદાનમાં ઝંપલાવ્યું

મોડાસા, તા.૧૨

મોડાસા વિધાનસભા બેઠકમાં મારી ટીકીટ ફાઈનલ છે. મારા સિવાય બીજું કોઈ ચાલી ન શકે તેવા મદમાં રાચતા કહેવાતા આગેવાનની પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાગીરીએ રીતસરની હવા કાઢી નાખી. ફરી એકવાર સહકારી આગેવાન ભીખુસિંહ પરમારને ભાજપે મેદાનમાં ઉતારતાં સંગઠનનો એક હોદ્દેદાર ધૂંઆપૂંઆ બની કોઈપણ ભોગે ભાજપના ઉમેદવારને હરાવવા મક્કમ બનવાની સાથે તેના મળતિયાઓને કામે લગાડ્યા છે ત્યાં ધનસુરા તાલુકા પંચાયતના અપક્ષ સભ્ય રાહુલ પ્રજાપતિએ મોડાસા વિધાનસભા બેઠકમાં અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઝંપલાવતાં બંન્ને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોની ઉંઘ હરામ થયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વડાગામ, આકરૂન્દ વિસ્તારનો પટ્ટો લાંબા સમયથી ભાજપનો ગઢ ગણાય છે અને આ વિસ્તારમાંથી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં ભાજપના જ સદસ્યો મોટે ભાગે ચૂંટાતા આવતા હોય છે. પરંતુ અનેક નિષ્ઠાવાન કાર્યકરોની ભાજપના લાલચુ આગેવાનોએ ઘોર ખોદી નાખતાં અસંતોષનું પ્રમાણ અનેક ગણું વધ્યું છે. મોડાસા વિધાનસભાના દાવેદારો માટે સૌથી વધુ ૩૬ આગેવાનોએ દાવેદારી નોંધાવી હતી અને એકબીજાને પછાડી નાખવા માટેના પ્રયાસો શરૂ થયા. જિલ્લા-તાલુકા સંગઠને તો એકાદ વ્યક્તિનો આંચળો ઓઢી લીધો હોય તે રીતે ભાજપના નિરીક્ષકો સમક્ષ ટીકીટ આપવામાં આવે તો આ જ ઉમેદવાર જીતી શકે તેવી એક તરફી રજૂઆતો કરી પરંતુ જિલ્લામાં છેલ્લા ૬ થી ૮ મહિના દરમ્યાન ચાલી રહેલી ગતિવિધિ અને અનેક પાયાના કાર્યકરોને હેરાન કરવામાં કચાસ ન રાખનારા આગેવાનની હવા કાઢી નાખી. જેને પોતાના ઈશારે ટીકીટ ન મળે તે માટે વિરોધ કરાવ્યો હતો તેવા જ ઉમેદવારને ભાજપે મેદાનમાં ઉતારી હમે સબકુછ પતા હૈ...નો કોલ ચકોર ગણાતા આગેવાનોને આપી દીધો છે અને હવે પોતાનું ધાર્યું નથી થયું એટલે ભાજપના ઉમેદવારને હરાવવા માટે અસંતુષ્ઠો મેદાનમાં આવી ગયા છે જેમાં ટૂંક સમયમાં જ ઓડીયો ક્લિપ ફરતી થવાની સંભાવના છે. જ્યારે ધનસુરા તાલુકાના વડાગામના તાલુકા પંચાયતના અપક્ષ સભ્યએ વિધાનસભામાં દાવેદારી કરતાં ભાજપ અને કોંગ્રેસના અનેક મતમાં ગાબડાં પડવાની દહેશત ઉભી થઈ છે.

**મોડાસા વિધાનસભા મતક્ષેત્રમાં ૮૦૦૦થી વધુ પ્રજાપતિ મતદારો**

મોડાસા વિધાનસભાનો જંગ ખરાખરીનો બની રહેશે. ગત ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર માત્ર ૧૬૦૦ મતથી જીત્યા હતા અને હવે ધનસુરા તાલુકા પંચાયતના વડાગામ વિસ્તારના સભ્ય રાહુલ પ્રજાપતિએ અપક્ષ ઝંપલાવતાં મુખ્ય રાજકીય પક્ષોની જીતની બાજી હારમાં ફેરવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. મોડાસા વિધાનસભા મતક્ષેત્રમાં આવતા મોડાસા અને ધનસુરા તાલુકામાં ૮૦૦૦થી વધુ પ્રજાપતિ મતદારો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# સિનિયર સિટીઝન કલબ તલોદનું સ્નેહ સંમેલન યોજાયુ




તલોદ તા ૧૨

સીનીયર સીટીઝન કલબ તલોદ ના સહયોગથી સાબરકાંઠા/અરવલ્લી જિલ્લા ફેડરેશનો સ્નેહ મિલન કાર્યક્રમ કે.એલ.વાછાણી સાંસ્કૃતિક હોલ તલોદમાં યોજવામાં આવ્યો હતો.જેમાં મુખ્ય મહેમાન તરીકે કલબના પ્રમુખ શાંતિલાલ પટેલ ફેડરેશન પ્રમુખ મધુસુદન ખમાર ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે એન્જીનીયર મહેન્દ્રભાઈ મિસ્ત્રી,ડો.ધીરૂભાઈ પટેલ ,કૈલાસગીરી ગોસ્વામી, તેમજ તમામ ફેડરેશન ના હોદ્દેદારો તથા કલબના તમામ સભ્યોએ ઉપસ્થિત રહીને સૌને તંદુરસ્તીની ચાવીઓ બતાવીને નૂતનવર્ષની શુભેચ્છાઓ આપી હતી.આ સંમેલનમાં ભાજપના મંત્રી અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને પ્રાતિજ તલોદ વિધાનસભાની સીટ ઉપર રીપીટ કરવામાં આવ્યાની જાહેરાત સૌએ એક અવાજે તેઓને વધાવી લઈ મંત્રીશ્રીના પિતાશ્રી ઉદેસિંહ પરમારને સૌએ અભિનંદન આપ્યા હતા. શાંતિલાલ પટેલ પાર્વતીબેન પટેલ,ચેલાભાઈ પટેલ,તેમજ કેટલાકના સહયોગથી યોજવામાં આવેલા ભોજન સમારંભમાં સામુહિક ભાગ લઈને એકબીજાને શુભેચ્છાઓ આપી હતી.

### ચૂંટણી સમયે પ્રા. શિક્ષકોને કનડગત હોવાની ફરિયાદ ઉઠી

# અરવલ્લી જિલ્લાના અનેક પ્રા.શિક્ષકોના પુરવણી બીલ અટકાવ્યાની ફરિયાદ

### કેટલાક ટી.પી.ઓ.ની કામગીરી સામે સવાલ ઉઠ્યા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૨

અરવલ્લી જિલ્લાની સરકારી પ્રા.શાળાના અનેક પ્રા.શિક્ષકોના પુરવણી બીલ ઈરાદાપૂર્વક અટકાવી પરેશાન કરાતા હોવાની ફરિયાદ ઉઠી છે. ચૂંટણી સમયે પ્રા.શિક્ષકોને થતી ઈરાદાપૂર્વકની કનડગતના ઘેરા પ્રત્યાઘાત પડી શકે છે. ૬ તાલુકા પૈકી કેટલાક તાલુકાના ટી.પી.ઓ.ની કામગીરી સામે સવાલ ઉઠવાની સાથે પૈસા આપો તો જ પુરવણી બીલ નિકળે તેવી ફરિયાદો પણ સંભળાઈ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની ૧૧૯૯ સરકારી પ્રા.શાળાઓમાં ૫૧૯૨ જેટલા પ્રા.શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે. પરંતુ કેટલીક તાલુકા પંચાયતની શિક્ષણ શાખાઓમાં શિક્ષકોને તેમના હક્કનાં નાણાં લેવાનાં હોય તો પણ ટેબલ ઉપર વજન મૂકો પછી જ બીલ પાસ થતા હોય છે. જિલ્લાના કેટલાક પ્રા.શિક્ષકોએ જણાવ્યું કે અમારા પુરવણી બીલ આપે ૪ થી ૫ મહિના થયા છતાં મંજૂર કરવામાં આવતા નથી. શિક્ષણ શાખામાં જઈને વાત કરીએ તો થઈ જશે તેવા જવાબ મળે છે પરંતુ મોટાભાગના પ્રા.શિક્ષકોના પુરવણી બીલ સહિત અન્ય બીલો અટકાવી દેવામાં આવ્યા છે. જ્યારે કેટલાક ટી.પી.ઓ. કોઈનો પણ મોબાઈલ ન ઉપાડવા માટે પંકાયેલા છે અને શિક્ષકોના પુરવણી બીલ સહિત અન્ય બીલો પાસ કરવા માટે શિક્ષક સમાજ ઉપર ઉપકાર કરતા હોય તેવો વ્યવહાર પણ કરતા હોવાની ફરિયાદો છે.

**પુરવણી બીલ અટકાવ્યા હશે તો તપાસ થશે - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શૈલેષભાઈ પટેલે જણાવ્યું કે કોઈપણ તાલુકામાં શિક્ષકોના પુરવણી બીલ લાંબા સમયથી અટકાવ્યા હોય તેવી ફરિયાદ મને મળી નથી છતાં આ અંગે દરેક ટી.પી.ઓ. પાસેથી વિગતો મેળવી બીલ અટકાવ્યા હશે તો ચૂકવવા માટે તાકીદ કરાશે.



હિંમતનગર વિધાનસભામાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે લાલસિંહ પરમારની ઉગ્ર માંગ સાથે આજે ૧૦૦૦ કોંગ્રેસના પાયાના કર્મઠ કાર્યકારો,સરપંચો,તાલુકા સદસ્યશ્રીઓ,સામાજીક આગેવાનો સહિત યુવાનો હાજર રહ્યા..આવનારા દિવસોમાં ફોર્મ ભરવા માટે જંગી જનસમર્થન સાથે ના આયોજન બાબતે ચર્ચા વીચારણા કરી કોંગ્રેસ હિંમતનગરમાં જંગી લીડથી જીતે તે બાબતે પૂર્વ આયોજન કરવામાં આવ્યુ.



ભિલોડાના જનાલી ગામમાં અગમ્ય કારણોસર આગની જ્વાળાઓમાં કાર ભભુકી ઉઠી આગના ગોટે ગોટા દુર દુર સુધી પ્રસર્યા. ફાયર બ્રિગેડની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હોવાનું ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું.કાર આગની લપેટમાં આવતા અને આગની ઘટનામાં એકંદરે જાનહાની ટળી હતી.

## અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષસ્થાને નોડલ અધિકારીઓની બેઠક



મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી ડો. નરેન્દ્રકુમાર મીના અને અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને ચૂંટણી નોડલ અધિકારીઓની બેઠક કલેક્ટર કચેરી, અરવલ્લી ખાતે યોજાઈ. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી લક્ષી વિવિધ બાબતોનાં નિમાયેલા નોડલ અધિકારીઓને પૂર્વ તૈયારીઓ સંબંધિત માર્ગદર્શન-સૂચના આપ્યા હતા. આ સાથે જ તેમજ સંલકન અને આયોજન સાથે સહયોગથી ચૂંટણી યોજાય તે માટે સજ્જતા કેળવવા જણાવ્યું.ચૂંટણીમાં ભાગ લેનારા સ્ટાફ માટે EVM/VVPA મેનેજમેન્ટ,સ્વીપ, સંગ્રહ અને પરિવહન, મટીરીયલ મેનેજમેન્ટ, ખર્ચ અને આદર્શ આચારસંહિતા, કાયદો અને વ્યવસ્થા, બેલેટ પેપર, મીડિયા સંબંધિત વ્યવસ્થાઓ, કમ્પ્યુટરાઈઝેશન, વોટર હેલ્પલાઈન, મતદાર અને મતદાન જાગૃતિ સંબંધી પ્રવૃતિઓ સહિતની બાબતોનાં નોડલ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરતા સમય મર્યાદામાં તમામ પૂર્વ તૈયારીઓ અને આયોજન સુચારૂપણે પૂર્ણ થઈ જાય તે સુનિશ્ચિત કરવા અંગે સૌની સાથે ચર્ચા કરી હતી.

## ડીસામાં બીજા દિવસે વધુ બે ઉમેદવારી પત્રોનું વિતરણ

ડીસા, તા.૧૨

ડીસા વિધાનસભાની બેઠક માટે બીજા દિવસે વધુ બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ મેળવ્યા હતા જો કે બીજા દિવસ સુધી એક પણ ફોર્મ ભરાઈને પરત આવ્યું નથી. ડીસામાં ૧૦ નવેમ્બરથી ચૂંટણીનું જાહેરનામું બહાર પડતાં પ્રથમ દિવસે જ ૧૩ ઉમેદવારી પત્રોનું વિતરણ થયું હતું. જેમાંથી એક પણ ફોર્મ ભરાઈને પરત આવ્યું ન હતું. જ્યારે આજે બીજા દિવસે વધુ બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો મેળવ્યા હતા. ડીસામાં ત્રણેય પક્ષોના ઉમેદવારોના નામ જાહેર થઈ ચૂક્યા છે. જેમાં ડીસામાં સૌથી મોટા ગણાતા ઠાકોર સમાજને એક પણ પક્ષે ટિકિટ આપી નથી જેથી ઠાકોર સમાજમાંથી અપક્ષ ઉમેદવારી વધુ થાય તેવી પ્રબળ સંભાવના છે જેથી ઉમેદવારી ફોર્મ મેળવવામાં ઠાકોર સમાજના દાબેદારોની સંખ્યા વધુ છે. ચૂંટણી સૂત્રોના જણાવ્યા મુજબ બે દિવસમાં કુલ ૧૫ ફોર્મનું વિતરણ થયું છે પરંતુ એક પણ ફોર્મ ભરાઈને પરત આવ્યું નથી.

## પાલનપુરના લડબી નાળા નજીક ઈંટોની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

ડીસા, તા.૧૨

વિધાનસભા ચૂંટણી પહેલા બનાસકાંઠા જિલ્લાના પાલનપુર લડબી નાળા પાસે એક ટ્રેક્ટર ટ્રોલીમાંથી ઈંટોની આડમાં લઈ જવાતા દારૂને પાલનપુર પશ્ચિમ પોલીસે ઝડપી પાડી એક ઈસમની અટકાયત કરી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર લડબી નાળા નજીક ડીસા હાઈવે પરથી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે એક ટ્રેક્ટરની ટ્રોલીમાંથી ઈંટોની આડમાં દારૂ જતા ઝડપી પાડ્યો છે. જેમાં પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમી આધારે લડબી નાળા પાસે ડીસા હાઈવે જતા રોડ ઉપરથી એક ટ્રેક્ટર ટ્રોલીમાં ઈંટોની આડમાં દારૂ ભરીને જતા ઝડપી પાડ્યો છે. જેમાં કુલ ૨૪૩૬ જેટલી દારૂની બોટલો (કિંમત ૨,૮૭,૩૪૦) સાથે એક ઈસમ ઝડપાયો હતો. પોલીસ કુલ મુદ્દામાલ કબ્જે લઈ ઈસમ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા આગળની તપાસ હાથ ધરી છે.




આગામી વિધાનસભાની ચૂંટણીમાં પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના ભાજપ ના ઉમેદવાર તરીકે ગજેન્દ્ર સિંહ પરમાર ની પુનઃ પસંદગી થતાં કાર્યકરો માં અનોખો ઉત્સાહ અને ઉમંગ સાથે તલોદ નગરપાલિકા વિસ્તારમાં પ્રચાર ના શ્રીગણેશ કરવમાં આવ્યા હતા. તલોદ નગર પાલિકા ના ઉપપ્રમુખ શ્રી ઋતુંલ પટેલ ટાઉન પ્લાનિંગ કમિટી ના ચેરમેન દીપા બેન કુવડીયા ,શહેર સંગઠન ના મહામંત્રી વિનુ ભાઈ સુથાર યુવા મોરચા ના પ્રમુખ પાવન પંચાલ સહિત ના આગેવાનો ઘેર ઘેર ફરી ગજેન્દ્ર સિંહ પરમાર દ્વારા કરવામં આવેલ વિકાસ નાં કામોની ગાથા રજૂ કરી ઉમેદવારના સમર્થન મા મતદાન કરવા માટે અપીલ કરી હતી ઋતુલ પટેલે પચાસ હજાર મતોથી અમારો ઉમેદવાર વિજયી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

## ભાજપ દ્વારા ધાનેરા વિધાનસભાના ઉમેદવાર ભગવાનદાસ પટેલ ઉપર પસંદગીનો કળશ ઢોળાયો


ધાનેરા તા.૧૨

ધાનેરા તાલુકો પછાત અને ખેડૂત વર્ગ નો તાલુકો છે. ધાનેરા તાલુકામાં વિકાસનાં નામે કશું કામ કરેલ જોવા મળેલ નથી? અને ધાનેરા તાલુકામાં વિકાસની બાબતમાં ઘણું પાછળ જોવા મળી રહ્યું છે. હવે ધાનેરાની પ્રજા ઈચ્છી રહી છે કે કોઈ સારા નેતા આવે અને ધાનેરા તાલુકા માં વિકાસ કરે તે જરૂરી છે. ધાનેરા વિધાનસભા -૯ માં ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવાર શ્રી ભગવાનભાઈ પટેલ ને ટિકિટ મળતા તેમના ઉપર પસંદગીનો કળશ ઢોળાતા ધાનેરામાં આનંદ અને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભગવાનદાસ પટેલ માર્કેટયાર્ડમાં ચેરમેન તરીકે રહી ચુક્યા છે. તેમજ વર્ષોથી ભાજપમાં સક્રિય કામગીરી બજાવી રહેલ છે .અને સામાન્ય માણસ ને પણ સહકાર આપેલ છે. તેમના પુત્ર સુરેશભાઈએ જણાવ્યું હતું કે, ભાજપ માં કાર્યકરની કદર થતી હોવાની લાગણી વ્યક્ત કરતાં ધીરજનાં ફળ મીઠાં હોવાનું જણાવી ભાજપ મોવડી મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો .અને ધાનેરામાં જો ભગવાનદાસ પટેલ જીતે તો ધાનેરા નો વિકાસ થાય તેવું લોકો જણાવી રહ્યા છે.



## અરવલ્લી : મોડાસા સખી વન સ્ટોપમાંથી સગીરાનું અજાણ્યા યુવકે અપહરણ કરતા ચકચાર,સગીરા વોશરૂમ ગઈને ત્યાંથી ભાગીનું રટણ

મોડાસા, તા. ૧૨




ગુજરાતમાં નારી સંરક્ષણ ગૃહ અને બાળ ગૃહમાંથી છોકરીઓ નાસી ગઈ હોવાના કિસ્સા સમયાંતરે બનતા રહે છે મોડાસા ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સમાં સગીરાને તેના પિતાએ ગળે બ્લેડ મારી હત્યાના પ્રયાસની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે મોડાસામાં આવેલા સખી વન સ્ટોપ માંથી ૧૭ વર્ષીય સગીરાનું અજાણ્યો ઈસમ અપહરણ કરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી છે મોડાસા ટાઉન પોલીસે ગુન્હો નોંધી કેસની તપાસ સીપીઆઈ મોડાસાને સોંપતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા શહેરની અમરદીપ સોસાયટીમાં આવેલા સખી વન સ્ટોપમાં મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની સગીરાને પ્રેમ સબંધના લીધે રાખવામાં આવી હતી બુધવારે સગીરા સખી વન સ્ટોપ માંથી વોશરૂમ જવાનું કહી વોશરૂમમાં જતા કોઈ અજાણ્યો યુવક ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરી ફરાર થઈ જતા સખી વન સ્ટોપમાં ફરજ બજાવતા મહિલા સ્ટાફ ચોંકી ઉઠ્યો હતો સખી વન સ્ટોપના સ્ટાફે ટાઉન પોલીસને જાણ કરતા ટાઉન પોલીસ તાબડતોડ ધસી આવી હતી સખી વન સ્ટોપમાંથી સગીરાનું અપહરણ થતા ફરજ પરના સ્ટાફની ઘોર બેદરકારી સામે આવી છે. મોડાસા ટાઉન પોલીસે વિક્રમબા જાડેજાની ફરિયાદના આધારે સગીરાનું અપહરણ કરનાર અજાણ્યા ઈસમ સામે અપહરણનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

### ટેબલ ટેનિસમાં અરવલ્લીનો દબદબો

## ગાંધીધામમાં યોજાયેલ સ્ટેટ ચેમ્પિયનશિપ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો




મોડાસા,તા. ૧૨

અરવલ્લી જિલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર શૈક્ષણિક નગરી તરીકે સમગ્ર રાજ્યમાં જાણીતું છે ત્યારે ધીરે ધીરે રમત-ગમત ક્ષેત્રે પણ મોડાસા ના વિદ્યાર્થીઓ રાજ્ય લેવલે અને દેશમાં વિવિધ રમતોમાં કૌવત દેખાડી મોખરાનું સ્થાન મેળવી જિલ્લા સહીત મોડાસાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી ગૌરવ વધારી રહ્યા છે કચ્છના ગાંધીધામમાં ચાલી રહેલી સ્ટેટ ચેમ્પિયનશિપ ટેબલ ટેનીસ સ્પર્ધામાં અરવલ્લી જીલ્લાના ચાર ખેલાડીઓએ અંડર-૧૯માં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી રાજ્યમાં જીલ્લાનું નામ રોશન કર્યું છે. કચ્છના ગાંધીધામ ખાતે યોજાયેલ સ્ટેટ ચેમ્પિયનશિપ ટેબલ ટેનિસ રમતમાં અરવલ્લી જીલ્લાનું પ્રતિનિધત્વ કરતા જન્મેજય પટેલ, અરમાન શેખ,હર્ષવર્ધન પટેલ અને નકુલ પટેલે ખેલાડીઓએ કોચ મહાવીરસિંહ કુંપાવતના માર્ગદર્શન હેઠળ ઉત્કર્ષ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરતા જીલ્લા રમત ગમત અધિકારી મઝહર સુથાર,જીલ્લા ટેબલ ટેનિસ એશો. પ્રમુખ ઋજુલ પટેલ અને જીલ્લાના ખેલાડીઓએ અભિનંદન આપ્યા હતા.